ગાંજાતા સંગત

આજે કેટલાક ઘટનાક્રમો જુનો ઈતિહાસ દોહરાવાઈ રહ્યો હોય, તેવા જણાય છે!

ઈરાન-ઈરાક વચ્ચે આઠ વર્ષ સુધી ચાલેલા યુદ્ધની તવારીખ... ક્રાંતિ અને તખ્તાપલટ



હૂતાશણીની ઉજવણી પાછળનો સંદેશ જગજાહેર છે. સત્યને સળગાવી શકાતું નથી, અને જુઠ્ઠાણાનું જોર કાયમ માટે ચાલતું નથી. આપણે હૂતાશણીના પર્વે દુર્ગુણોને અગ્નિમાં હોમવાની વાતો કરીએ છીએ, પરંતુ હકીકતે મોટાભાગે તેવું કરતા નથી. હૂતાશણી પછી ધૂળેટી આવે છે અને તે દિવસે લોકો રંગે રમે છે, જાણે જુઠ્ઠાણાના અસત્યના અસુરને નૃસિંહ ભગવાનના હસ્તે હણાયો, તેની ઉજવણી થઈ રહી હોય, આપણે પ્રાચીનકાળથી અર્વાચીન કાળ સુધી સત્ય અને અસત્યની લડાઈઓ જોતા અને અનુભવતા આવ્યા છીએ, છતાં જુઠ્ઠાણાનું જોર નેસ્તનાબૂદ થતું નથી, તે પણ હકીકત જ છે ને?

આપણે ભારતમાં હૂતાશણીના તહેવારો ઉજવી રહ્યા હતાં, ત્યારે જ ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું હતું, અને તે પછીનો અત્યાર સુધીનો ઘટનાક્રમ ગ્લોબલ હિસ્ટ્રીનો એક ભયાનક હિસ્સો બની ગયો છે.

આમ તો અત્યારે આ યુદ્ધ ભડકાવવા માટે ટ્રમ્પને દોષ અપાઈ રહ્યો છે, પરંતુ મધ્યપૂર્વના દેશોમાં ભૂતકાળમાં થયેલા યુદ્ધોનો એક લાંબો ઈતિહાસ છે, જેમાં ઈરાન-ઈરાક વચ્ચે ઘણું જ લાંબુ ચાલેલું યુદ્ધ પણ સામેલ છે.

સાડાચાર દાયકા પહેલાનું યુદ્ધ

આજથી લગભગ સાડાચાર દાયકા પહેલા વર્ષ ૧૯૮૦ માં ઈરાકે ઈરાન પર આક્રમણ કર્યા પછી યુદ્ધની શરૂઆત થઈ હતી, અને તે યુદ્ધ આઠ વર્ષ સુધી ચાલ્યું હતું. વર્ષ ૧૯૮૮ માં યુદ્ધવિરામનો સંયુક્ત રાષ્ટ્ર સંઘના પ્રસ્તાવને બન્ને દેશોએ સ્વીકાર્યો ત્યાં સુધીમાં બધા મળીને લગભગ પાંચ લાખ લોકોના જીવ ગયા હતાં. આ ઉપરાંત અનફાલ અભિયાનમાં પણ ઘણાં લોકોના મૃત્યુ થયા હતાં. બે વિકાસશીલ દેશો વચ્ચેનું આ ખતરનાક, લાંબુ અને ઘાતક યુદ્ધ હતું. વર્ષ ૧૯૮૦ ની ૨૨ મી સપ્ટેમ્બરે શરૂ થયેલું આ યુદ્ધ વર્ષ ૧૯૮૮ ની ૨૦ મી ઓગસ્ટ સુધી એટલે કે લગભગ આઠ વર્ષ સુધી ચાલ્યું હતું.

એ યુદ્ધ ઈરાકના તત્કાલિન રાષ્ટ્રપતિ સદામ હુસેન સાથે સંકળાયેલું હતું. વર્ષ ૧૯૭૯ ની ઈરાની ક્રાંતિ પછી ઈરાનના નેતા બનેલા ઝ્રહોલ્લાહ ખામેની ઈરાનની ક્રાંતિકારી નવી વિચારધારાને ઈરાકમાં ફેલાતી અટકાવવાનો સદામ હુસેનનો ઉદ્દેશ્ય હતો. સદામ હુસેન ઈરાકને ફારસની ખાડીમાં મુખ્ય સ્થાને રહેલા ઈરાનને હરાવીને ઈરાકને ત્યાં સ્થાપિત કરવાની પણ તમન્ના હતી, જો કે સરહદી વિવાદોના નામે શરૂ થયેલા આ યુદ્ધમાં સિયા-સુન્ની વિકસિત દેશો અને વિકાસશીલ દેશો તથા ભિન્ન ભિન્ન વિચારધારાનો વચ્ચેનો ટકરાવ પણ વધતો રહ્યો હતો. આ યુદ્ધ દરમિયાન રાસાયણિક હુમલા પણ થયા હતાં. આ લાંબા ચાલેલા યુદ્ધ પછી ઈરાકને સોવિયેટ સંઘ, ઈટાલી, ફ્રાન્સ, અમેરિકા, યુ.કે., યુગોસ્લાવિયા તથા અરબ દેશોનું સમર્થન મળ્યું હતું, જ્યારે ઈરાનને સીરિયા, લીબિયા, ઉ. કોરિયા, ચીન, દ. યમન, ક્યુબા, પાકિસ્તાન, ઈઝરાયલ અને કુર્દિસ્તાનના સંગઠનોનું સમર્થન મળ્યું હતું.

વર્ષો સુધી યુદ્ધ ચાલ્યું હોવાથી આર્થિક પતન, મનોબળની કમી, ઈરાન-અમેરિકાના સંબંધોમાં ખટાશ તથા આંતરરાષ્ટ્રીય કાર્યવાહી પછી વર્ષ ૧૯૮૮ માં થયેલા યુદ્ધવિરામ સમયે બન્ને દેશોમાં બદહાલ હતી, અને આ લાંબા યુદ્ધનું પરિણામ અનિર્ણિત રહ્યું હતું. આ યુદ્ધમાં લાખો સૈનિકો શહીદ થયા હતાં.

વર્ષ-૧૯૩૭માં એક નદીના વિવાદથી શરૂ કરીને ઈરાન-ઈરાક વચ્ચે ઘણાં વિવાદો સર્જાયા. વર્ષ-૧૯૮૦ થી ૧૯૯૮ સુધી ચાલેલા ઈરાન-ઈરાક યુદ્ધ અને વર્તમાન ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચે તફાવતો અને સાત્યતાઓ

હકીકતે વર્ષ ૧૯૩૭ માં શરૂઆત અરબ નદીને લઈને આ બન્ને દેશો વચ્ચે એક સમજુતિ થઈ હતી. વર્ષ ૧૯૬૯ માં ઈરાને આ સંધિ તોડી તે વખતથી બન્ને દેશો વચ્ચે ખટરાગ શરૂ થઈ ગયો હતો. તે પછી વર્ષ ૧૯૭૫ માં અલ્જીયર્સ સમજુતિ થઈ. વર્ષ ૧૯૭૮ માં તેમાં સુધારા-વધારા કરાયા હતાં, પરંતુ ઈરાક સરકારને ગબડાવવાના સોવિયેત યુનિયન સમર્થિત કથિત યોજનાની ગંધ આવતા જ સદામ હુસેને પોતાની સેનાના સંખ્યાબંધ અધિકારીઓને ફાંસીએ ચડાવવાનો આદેશ કરીને ઈરાનના શાહ સામે વિદ્રોહનું નેતૃત્વ કરનાર ઝ્રહોલ્લાહ ખામેનીને દેશનિકાલ કર્યા. પ્રારંભમાં ઈરાકની સરકારે ઈરાની ક્રાંતિનું સમર્થન કર્યું અને ઈરાનના શાહ મોહમ્મદ રજા પહલવીનો તખ્તો પલટાવી નાખ્યો. તે પછી ઈરાન-ઈરાકની સરહદે ઘર્ષણ થતું રહ્યું. ખામનેયે ઈરાક સરકારને ઉથલાવવાની વાત કરી, જેનો બગદાદમાં પ્રચંડ વિરોધ થયો. તે પછીનો ઘટનાક્રમ ઘણો જ અટપટો અને લાંબો છે, પરંતુ સદામ હુસેન ક્ષેત્રિય મહાશક્તિ બનાવવા માગતા હતાં, અને સૈન્ય શક્તિ પણ તેમણે ક્રમશઃ વધારી હતી. ઈરાનમાં ઈસ્લામિક રિવોલ્યુશનાની ગાર્ડ કોર (આઈઆરજીસી) નો પ્રભાવ વધ્યો. ઘણાં મિલ્ટ્રી ઓપરેશનો આઠ વર્ષ દરમિયાન થયા.

તે સમયે પણ આઠ વર્ષ દરમિયાન સેંકડો મિસાઈલો દાગવામાં આવી હતી,અને અનેક અભિયાનો ચાલ્યા હતાં. ઘણાં સૈન્ય ઓપરેશનો થયા હતાં. તે સમયે પણ દરિયામાં જહાજો પર હુમલા થયા હતાં.

વર્ષ ૧૯૮૮ ના ઓગસ્ટમાં ઈરાન-ઈરાક વચ્ચે યુદ્ધવિરામ પછી સંયુક્ત રાષ્ટ્ર સંઘની શાંતિ સેનાઓ સરહદો પર તૈનાત રહી હતી, અને વર્ષ ૧૯૯૧ સુધી મોરચો સંભાળ્યો. બન્ને દેશો વચ્ચે યુદ્ધકેદીઓની પરસ્પર સોંપણી વર્ષ ૨૦૦૬ માં થઈ હતી.

ઈરાનના સર્વોચ્ચ નેતા (સુપ્રિમ લીડર) આયાતુલ્લા ઝ્રહોલ્લાહ ખામેનીના નિધન પછી આયાતુલ્લાહ અલી ખામેનાઈ વર્ષ ૧૯૮૯ માં સુપ્રિમ લીડર બન્યા હતાં, અને હાલના યુદ્ધમાં ઈઝરાયલ-અમેરિકાના હવાઈ હુમલામાં ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૬ ના દિવસે તેઓનો દેહાંત થયો હતો.

અત્યારે ઈરાનમાં જે કાંઈ બની રહ્યું છે, અને ઈરાનની સ્થિતિ ઊભી થઈ છે, તેવી જ સ્થિતિ વર્ષ ૧૯૮૦ પછીની ક્રાંતિ પછી સર્જાઈ હતી.

ઈરાન અને ઈરાક વચ્ચે જ્યારે યુદ્ધ ચાલતું હતું, ત્યારે કેટલાક મિત્રદેશો હતાં, તે પૈકીના કેટલાક અત્યારે વિરોધી દેશો બની ગયા છે, તો કેટલાક રાષ્ટ્રો તટસ્થ થઈ ગયા છે. ઈરાન-ઈરાક વચ્ચે થયેલા એ યુદ્ધમાં અને તાજેતરના ઈઝરાયલ-ઈરાન-અમેરિકાના યુદ્ધમાં ઘણો તફાવત હોવા છતાં અત્યારની સ્થિતિના કેટલાક ઘટનાક્રમો જાણે ઈતિહાસને દોહરાવતા હોય તેવું લાગે છે. તે પછી ઈરાકના તાનાશાહ સદામ હુસેન સામે પણ ક્રાંતિ થઈ અને અમેરિકાએ તેને ભોયરા (ભૂગર્ભ) માંથી શોધી કાઢીને તેના પર અદાલતી કાર્યવાહી કરી હતી અને તેઓને ફાંસીએ ચડાવાયા હતાં, તે ઈતિહાસ જાણીતો છે. એવું કહી શકાય કે હવે ઈરાનમાં પણ ભૂતકાળમાં સદામ હુસેનના તખ્તાપલટ માટે ક્રાંતિ થઈ હતી. તેવું જ કાંઈક થવાની સંભાવના વધી ગઈ છે, કારણ કે અત્યારે ઈરાન સામે ઈરાક નથી, પરંતુ ઈઝરાયલ અને અમેરિકા છે.

વિનોદ કોટેચા, એડવોકેટ

મન હોય તો માળવે જવાય

ગ્લોબલ ડિસ્કસન વચ્ચે ગૂંજતી

બાબા વેંગાની ભવિષ્યવાણી

ગયા શનિવાર પછી ઈરાન-ઈઝરાયલ-અમેરિકા યુદ્ધ અને ઈરાનના સુપ્રિમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનાઈ તથા ઈરાનની સેનાના કેટલાક લીડર્સ અમેરિકા અને ઈઝરાયલના સહિયારા હુમલાઓમાં માર્યા ગયા તે પછી આજ સુધી જે કાંઈ બની રહ્યું છે, તે આપણી સામે જ છે. ઈરાને પણ આક્રમક પ્રતિપ્રહાર કર્યા પછી દુનિયા બીજા વિશ્વયુદ્ધ તરફ ઢસેડાઈ રહી હોવાના અનુમાનો થવા લાગ્યા હતાં. એ પછી ઈરાને મિડલ ઈસ્ટમાં અમેરિકાના કેટલાક સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કર્યા પછી યુદ્ધ વધુ વકર્યું અને તે પછીનો ઘટનાક્રમ જોતા આ યુદ્ધના તત્કાળ અને દૂરગામી બન્ને પ્રકારની અશરો થવાની છે.

આ ઘટનાક્રમ પછી ગત રવિવારથી જ ગ્લોબલ વોર ડિસ્કસન તથા ડિબેટીંગ વચ્ચે બલ્ગેરિયાના સુરદાસ બાબા વેંગાએ કરેલી એક વધુ આગાહી સાચી પડવા જઈ રહી હોવાનો દાવો થવા લાગ્યો હતો. બાબા વેંગાની ભવિષ્યવાણી તરીકે વાયરલ થયેલા અહેવાલો મુજબ બાબા વેંગાએ એક સદી પહેલા એવી ભવિષ્યવાણી કરી હતી કે વર્ષ ૨૦૨૬ માં દુનિયામાં તારાજી સર્જાશે. દુનિયાના પૂર્વ ક્ષેત્રમાં એક ભયાનક યુદ્ધ થશે, જે ધીમે ધીમે આખી દુનિયામાં ફેલાઈ જશે. આ વર્ષ વિનાશકારી પૂરવાર થશે. આ યુદ્ધ પશ્ચિમી દુનિયાને વધુ પ્રભાવી કરશે અને સૌથી વધુ નુકસાન યુરોપને થશે. એટલું જ નહીં, યુરોપ વેરવિખેર થઈ જશે. તે સમયે તેમણે રશિયા એક મહાન શક્તિ બનીને ઉભરી આવશે, તેવા સંકેતો પણ આપ્યા હતાં.

બાબા વેંગાની ઘણી બધી આગાહીઓ સાચી પડી હોવાનો દાવો કરતા વિશ્લેષકો તેને બાલ્કનના નાસ્ત્રેદમસ પણ કહે છે. બલ્ગેરિયાના નેત્રહીન બાબા વેંગા હકીકતે એક વુમન એસ્ટ્રોલોજિસ્ટ (સુરદાર જ્યોતિષી) હતાં. તેમણે સોવિયેટ યુનિયનના ભાગલા, અમેરિકામાં (વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર) અલકાયદાના આતંકી હુમલાઓ જેવી આગાહીઓ કરી હતી, જે સાચી પડી હોવાના દાવા સાથે વિશ્લેષકો કહે છે કે, આખી દુનિયા માટે વર્ષ ૨૦૨૬ નું વર્ષ તબાહી અને બરબાદીનું નિવડી શકે છે.

બાબા વેંગાનું મૂળ નામ વાંગેલિયા પાંડેયા ગુશતેરોવા હતું. તેમણે વર્ષ ૨૦૧૯ ની કોરોના જેવી મહામારીના સંકેતો આપ્યા હતાં. એકંદરે ભલે બાબા વેંગા અથવા નાસ્ત્રેદમસની તમામ આગાહીઓ સાચી પડી ન હોય, પરંતુ પોતાના મૃત્યુ તથા દુનિયાને હચમચાવતી કેટલીક એવી ઘટનાઓની તેમની આગાહીઓ સાચી ઠરી હોવાનો દાવો કરનારો એક મોટો વર્ગ છે.

સ્ત્રીના આર્થિક હકો, પગાર, ભથ્થું અને સમાન તકો

ક્યારેક સમય એવો હતો કે સ્ત્રીની ઓળખ ફક્ત ઘરના કામ સુધી સીમિત ગણાતી. ઘરની ચાર દીવાલની અંદર રસોડા સુધીનું જ એનું સ્થાન મનાતું. પુરૂષ કમાય અને સ્ત્રી ઘર સંભાળે એ એક અઘોષિત નિયમ હતો.

પણ સમયના ફેરબદલ સાથે સ્ત્રીએ એ બાંધી દેવાયેલ સીમાઓ તોડી નાંખી છે. આજે તે શિક્ષણ, નોકરી, વ્યવસાય અને રાજકારણના દરેક ક્ષેત્રમાં પોતાના પરિશ્રમથી સ્થાન બનાવી રહી છે.

પણ પ્રશ્ન એ છે કે શું સમાજ અને કાયદો એ સ્ત્રીને આર્થિક રીતે સમાન સન્માન આપે છે? શું એની મહેનતનું મૂલ્ય પુરૂષ જેટલું માનવામાં આવે છે?

ભારતના બંધારણમાં સમાનતાનો સિદ્ધાંત મૂળભૂત હક તરીકે સ્થાન પામ્યો છે. તેમાં નક્કી કરવામાં આવ્યું છે કે કોઈ પણ નાગરિકને તેના લિંગના આધારે ભેદભાવ નહીં કરવામાં આવે. એટલે કે સ્ત્રી અને પુરૂષ બંનેને સમાન તક, સમાન કામ માટે સમાન વેતન અને સમાન અધિકાર મળવો જોઈએ.

સમાન કામ માટે સમાન વેતન

ભારતના કાયદાએ સ્ત્રી અને પુરૂષ વચ્ચે પગારના ભેદભાવને નકારી કાઢ્યો છે.

સમાન કાર્ય માટે સમાન વેતન એ હવે માત્ર વિચાર નહીં, કાયદાનો દિશાસૂચક સિદ્ધાંત છે.

જો કોઈ સંસ્થા પુરૂષને વધારે પગાર અને સ્ત્રીને ઓછું આપે, જ્યારે બંને એકસરખું કાર્ય કરે છે, તો એ સ્ત્રીના મૂળભૂત હકનું ઉલ્લંઘન ગણાય છે.

કાયદો ફક્ત પગારની સમાનતા જ નથી લાદતો, પરંતુ તે રોજગારની દરેક તકમાં સમાનતાની માંગ કરે છે.

ભરતી વખતે, ઉન્નતિ (પ્રમોશન), તાલીમ કે ફરજના વિતરણમાં પણ સ્ત્રીને સમાન તક આપવી કાયદેસર ફરજ છે.

આથી સ્ત્રીને કોઈ સંસ્થા સ્ત્રી છે એ બહાને નોકરી આપવા ઇન્કાર કરી શકતી નથી કે ઓછું વેતન આપી શકતી નથી.

માતૃત્વનો સમ્માન અધિકાર, ઉપકાર નહીં

સ્ત્રી જ્યારે માતૃત્વ સ્વીકારે છે, ત્યારે એ સમાજ માટે નવી પેઢીનું સર્જન કરે છે.

પણ ઘણીવાર સંસ્થાઓ એ સમયને અડચણ ગણે છે.

પરંતુ કાયદો સ્પષ્ટ કહે છે કે માતૃત્વ સ્ત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે.

કોઈ પણ સ્ત્રી કર્મચારીને પ્રસૂતિ પહેલાં અને પછી મળીને ઓછામાં ઓછા છ મહિના જેટલી વેતનસહિત રજા મળવી જ જોઈએ.

તે સમયગાળામાં નોકરી માંથી હટાવવી કે વેતન રોકવું કાયદેસર રીતે મનાઈ છે.

જો સ્ત્રી પ્રસૂતિ બાદ પોતાના બાળકની સંભાળ સાથે ઘરેથી કામ કરવા ઇચ્છે, તો સંસ્થાએ તેની માંગનો વિચાર કરવો ફરજિયાત છે.

કાયદો કહે છે કે માતૃત્વ એ સ્ત્રીનો સામાજિક યોગદાન છે, નોકરીમાંથી છૂટી નહીં. આ હક સ્ત્રીની આરોગ્ય, બાળકના હિત અને માનવતા ત્રણેની રક્ષા માટે છે.

કાર્યસ્થળ પર સન્માન અને સુરક્ષા

સ્ત્રીને કામ કરવાની તક મળી એ પૂરતું નથી, એને સુરક્ષા અને સન્માન પણ મળવું જોઈએ.

કાર્યસ્થળ પર સ્ત્રીને કોઈપણ પ્રકારની હેરાનગતિ, અપમાન કે દબાણ સહન કરવાનું ન પડે એ માટે કાયદો ખાસ સુરક્ષા આપે છે.

દરેક કચેરી, શાળા કે દફ્તરમાં સ્ત્રીઓ માટે આંતરિક ફરિયાદ સમિતિ હોવી આવશ્યક છે.

જો કોઈ પુરૂષ અધિકારી કે સહકર્મચારી દ્વારા સ્ત્રી સાથે અયોગ્ય વર્તન થાય, તો એ સમિતિ તરત તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરે છે.

કાયદો અહીં સ્પષ્ટ સંદેશ આપે છે સ્ત્રીની મૌનતા એ એની સંમતિ નથી. સન્માન સાથે કામ કરવું એ પણ કર્મસ્થળનો મૂળભૂત હક છે.

સરકારી નોકરીઓમાં ખાસ સુવિધાઓ

સરકારી સેવાઓમાં સ્ત્રી માટે વિશેષ વ્યવસ્થાઓ છે માતૃત્વ રજા, બાળકની સંભાળ માટે અર્ધવેતન રજા, પતિપત્નીનું સ્થાનાંતરણ એક જ શહેરમાં રાખવા જેવી નીતિઓ.

આનો હેતુ એ છે કે સ્ત્રીને પરિવાર અને નોકરી બંનેમાં સંતુલન જાળવવું સરળ બને.

કોર્ટોએ અનેક પ્રસંગે કહ્યું છે કે સ્ત્રીની નોકરી એની આર્થિક સ્વતંત્રતા સાથે એની આત્મસન્માનની અભિવ્યક્તિ છે.

આથી કાયદો એને ગુમાવા દેતો નથી, પરંતુ રક્ષણ આપે છે.

ખાનગી ક્ષેત્રમાં વાસ્તવિક સંઘર્ષ

ખાનગી ક્ષેત્રમાં આજેય પગાર અને તકના મામલામાં સ્ત્રીઓ સાથે ભેદભાવ જોવા મળે છે.

કાયદા હોવા છતાં, ઘણીવાર સ્ત્રીને ઓછા વેતન પર રાખવામાં આવે છે કે મેટરનિટીના કારણે નોકરી ખસેડવામાં આવે છે.

પરંતુ હવે કાયદો એવી હરકતને અન્યાય ગણાવે છે.

સ્ત્રી પોતાનો હક માગી શકે છે, લેખિત ફરિયાદ કરી શકે છે અને તંત્ર એની તપાસ કરવાનું ફરજિયાત છે.

દરેક સંસ્થાએ હવે સ્ત્રીઓ માટે સમાન નીતિ ઘડવી પડે છે ભરતીથી લઈ પ્રમોશન સુધીના દરેક તબક્કે પારદર્શક વ્યવસ્થા જરૂરી છે.

આ રીતે કાયદો એ વિચારને પ્રબળ કરે છે કે કામની કિંમત લિંગથી નક્કી થતી નથી, ગુણ અને મહેનતથી થાય છે.

આર્થિક સ્વતંત્રતા એટલે માનસિક સ્વતંત્રતા

સ્ત્રી જ્યારે પોતાનો પરિશ્રમ કરીને કમાય છે અને એ કમાણી પર પોતાનો હક અનુભવે છે, ત્યારે એ ફક્ત પૈસાથી નહીં પરંતુ આત્મવિશ્વાસથી પણ સમૃદ્ધ બને છે.

કાયદો કહે છે કે પત્ની પોતાની કમાણી, બેંક ખાતું કે રોકાણ પર સંપૂર્ણ માલિકી ધરાવે છે. પતિ કે પરિવાર એ પૈસા પર કબજો રાખી શકતા નથી કે નિર્ણય લઈ શકતા નથી.

આ હક માત્ર આર્થિક નથી એ સ્ત્રીના આત્મસન્માનનું પ્રતિબિંબ છે. એક પ્રખ્યાત ન્યાયિક નિર્ણયમાં જણાવાયું હતું કે સ્ત્રીની કમાણી પર કોઈ બીજાનો હક નથી. તે પોતાની આવક કેવી રીતે વાપરે એનો નિર્ણય સ્વતંત્ર રીતે લઈ શકે છે.

આથી કાયદો સ્ત્રીને કમાણીની સ્વાયત્તતા આપે છે જે સાચા અર્થમાં સ્વતંત્રતાનું ચિહ્ન છે.

સમાન તક સમાજની સમૃદ્ધિ

કાયદો સ્ત્રીને સમાન તક આપે છે, પરંતુ સમાજને એ સ્વીકારવાની ફરજ છે.

સ્ત્રીની આર્થિક ભાગીદારી વધે એનો અર્થ માત્ર એ નથી કે તે કમાય છે એનો અર્થ એ છે કે તે પોતાના જીવનના દરેક નિર્ણયમાં સમાન ભાગીદાર બને છે. જ્યારે સ્ત્રી નાણાકીય રીતે મજબૂત બને છે, ત્યારે આખો પરિવાર મજબૂત બને છે, સમાજ પ્રગતિ કરે છે.

સમાન પગાર, સમાન ભથ્થું અને સમાન તક આ ત્રણ શબ્દો માત્ર કાયદાની ભાષા નથી, એ સમાજના નૈતિક ધર્મ છે.

સ્ત્રીને આર્થિક રીતે સશક્ત કરવી એ એના આત્મસન્માન અને સ્વાભિમાનને માન આપવાની પ્રથમ કડી છે. સ્ત્રી હવે દયા કે ઉપકારથી નહીં, પોતાના હકથી જીવવા ઇચ્છે છે. તેને હવે કોઈની પરવાનગીની જરૂર નથી; એને કાયદાનો આધાર છે, મહેનતની શક્તિ છે અને આત્મવિશ્વાસનો પ્રકાશ છે, કારણ કે આર્થિક સમાનતા એ સ્ત્રીના સ્વાભિમાનનું બીજ છે, જે સમાજની સમૃદ્ધિનો ફૂલ બને છે.

ધ્વનિ લાખાણી

કાનૂનનો કાંઠો ધ્વનિની કંઠે

એડવોકેટ, ગુજ. હાઈકોર્ટ

કેમેરામેન, લગ્નમાં ડખ્ખાનું મૂળ

ચુનિયાએ તેના ભત્રીજાના લગ્નમાં મને ખાસ તેડાવેલો કે, "ભાઈ, જરા અનુભવી છો તો કંઈક સૂચન કરજો." હું તો ગયો, પણ ત્યાં જઈને જે જોયું એ પ્રસંગમાં વરરાજા કરતાં ફોટોગ્રાફર, કેમેરામેનનું મહત્ત્વ વધારે હતું.

આજના જમાનામાં ગોર મહારાજ વગર લગ્ન થાય તો કદાચ ચાલે, પણ કેમેરામેન વગર? અશક્ય! પંડિત મંત્ર ભૂલી જાય તો વરરાજાને વાંધો નથી આવતો, પણ જો કેમેરામેન લાઈટીંગ મુકતા ભૂલી જાય તો વરરાજા મંડપમાંથી ઊભા થઈ જાય! હમણાં ચુનિયાના ભત્રીજાના લગ્ન હતા.

ગોર મહારાજ સરસ મજાની વિધિ કરાવતા હતા પરંતુ વરરાજા અને કન્યા બંનેને ચાર પાંચ કેમેરા જ દેખાતા હતા.

ગોર મહારાજે મંત્ર ભણવાનું શરૂ કર્યું. ગોર મહારાજ હજુ તો "મંગલમ્ ભગવાન વિષ્ણુ..." બોલવા જાય ત્યાં જ પેલો કેમેરામેન વરરાજાના મોઢા પાસે ગીમ્બલ સાથે કેમેરો ધર્યો. મહારાજનો ગુસ્સો આસમાન પર ગયો ફોટોગ્રાફરને અને વરરાજાને કહ્યું કે "લગ્ન કરવાના છે કે ખાલી આલ્બમ જ બનાવવું છે? કાં તો હું મંડપમાં રહીશ અથવા આ કેમેરામેન."

વરરાજાએ ગોર મહારાજને કહ્યું, "સોરી, તમે થોડીવાર બહાર ચક્કર મારી આવો ત્યાં થોડા ફોટા પડી જાય. ફેરા તો અડધી કલાક પછી પણ ફરાશે, જો લાઈટ ચાલી જશે તો જિંદગી ગોટાળે ચડી જશે."

ગોર મહારાજને પણ એમ થયું કે હવે દક્ષિણાથી મતલબ રાખો. આપણે જમવાનો બેક માનશુ બીજું શું?

આ બધા વચ્ચે એક ફોટોગ્રાફરને વહાલાઓએ હાઇજેક કર્યો હતો તેમના પોતાના ફોટા પાડવા માટે.

બાર-બાય-બારના એક નાનકડા રૂમમાં ૨૪ જણા ઠાંસી-ઠાંસીને ભર્યા હતા. દરેકનો અવાજ બીજા ૨૩ જણ પર હાવી થઈ જાય એવો પ્રયત્ન ચાલતો હતો. મુંબઈની મચ્છી માર્કેટ કે કોઈ મધ્યમ વર્ગની શાક માર્કેટમાં પણ જેટલો દેકારો ન હોય, એટલો દેકારો એ રૂમમાં હતો. ચુનિયો બૂમો પાડતો હતો, "એલા, કોઈ કેમેરામેનને બોલાવો, મુહૂર્ત નીકળી જશે!" પણ ત્યાં તો કેમેરામેન પોતે જ 'સેલિબ્રિટી'ની એન્ટ્રી મારી!

જેવા ફોટા પડવાનું શરૂ થયું, એટલે અસલી ખેલ શરૂ થયો. ચુનિયાના સાઢુ ગજબની 'ફ્રાંદ' લઈને આવ્યા હતા. કેમેરામેન બિચારો લેન્સ ફીટ કરે ત્યાં સાઢુની ફ્રાંદ અડધી ફ્રેમ રોકી લે! સાઢુ ફોટો પડાવવા માટે શ્વાસ રોકીને પેટ અંદર ખેંચવાની એવી કસરત કરતા હતા કે એમનું મોઢું ટામેટા જેવું લાલ થઈ ગયું. ફોટો પડી ગયા પછી જેવો એમણે શ્વાસ છોડ્યો, બાજુમાં ઊભેલા ભત્રીજાને ધક્કો વાગ્યો અને એ બિચારો ઉંધે માથે પડ્યો!

એવામાં આવ્યા ચુનિયાના મોટા કાકા. કાકાની 'ટાલ' પર કુદરતે એટલી સુંવાળપ આપી હતી કે કેમેરાની ફ્લેશ લાઈટ સીધી ટાલ પર અથડાઈને રિફ્લેકટ થતી હતી. કેમેરામેન ગૂંચવાયો, "સાહેબ, લાઈટ વધે છે!" કાકા કહે, "બેટા, એ લાઈટ નથી, આ તો મારા ખાનદાનનું તેજ છે!" છેલ્લે કાકાની ટાલ પર રૂમાલ ઢાંકવો પડ્યો ત્યારે કેમેરામેનને સંતોષ થયો.

રૂમમાં જગ્યા ઓછી હતી અને એમાં પાછી ચાર-પાંચ જાડી સ્ત્રીઓ સેલ્ફી લેવા મથી રહી હતી. એમાં જેવી સેલ્ફીની વાત આવી, એટલે તરત જ બધાના મોઢા 'પાઉટ' મોડમાં! એવું લાગે કે જાણે બધાએ સાથે મળીને લીંબુ સરબત પીધું હોય અને એમાં ખાંડ નાખવાનું ભૂલી ગયા હોય! જોકે મને તો ચોરે બેઠેલા ભાભાઓ દોરા સુધી બીડી ખેંચે ત્યારે જે મોઢું થાય તે યાદ આવ્યું. એક માસી તો એટલા જાડા હતા કે ગ્રુપ સેલ્ફીમાં એમના આવ્યા પછી બીજા કોઈને ઊભા રહેવાની જગ્યા જ ન રહી. કેમેરામેને કીધું, "બેન, થોડા સાઈડમાં ખસો." માસી કહે, "હું વરની માસી છું હવે એક ઈંચ ન ખસુ, તારો કેમેરો ખસેડ."

ભત્રીજાને ભૂત વળગ્યું હતું 'કેન્ડિડ' ફોટાનું. એણે કેમેરામેનને કીધું, "હું હસીને જતો હોઉં એવો નેચરલ ફોટો પાડજે." હવે રૂમમાં ૨૪ જણાના દેકારા વચ્ચે નેચરલ હસવું આવે ક્યાંથી? ભત્રીજો પરાણે દાંત કાઢતો હતો, ત્યાં જ ચાલતા ચાલતા પોતાના જ પગમાં તેની ધોતી ફસાણી! કેમેરામેને તરત ફોટો પાડ્યો. એ 'કેન્ડિડ' તો ન થયો, પણ ભત્રીજાના જીવનનો સૌથી મોટો 'કાંડ' જરૂર થઈ ગયો!

ફોટો પડી ગયા પછી સોશિયલ મીડિયામાં ચડાવવા માટે અને સૌથી વધુ લોકોના માથે ઝીંકવા માટે 'હેશટેગ'નું ભૂત દરેકને વળગ્યુ છે. છેલ્લે ચુનિયાએ મને પૂછ્યું, "ભાઈ, આમાં હેશટેગ શું રાખીએ?" મેં કીધું, "ભાઈ, આ દેકારો જોતા તો એક જ હેશટેગ સૂઝે છે: મચ્છીમાર્કેટમેંશાદી. ચુનિયો તો રાજાના રેડ થઈ ગયો, પણ ભત્રીજાની વહુએ હજુ સુધી મારી સાથે વાત નથી કરી!

લગ્ન વખત થયેલો ફોટા અને વિડિયોનો ખર્ચો ક્યારેક એટલો હોય છે કે તેમાંથી નાના સમાજના સમૂહ લગ્ન થઈ જાય.

વિચારવાયુ:- "લગ્નના આલ્બમમાં કોના સગા વહાલાઓના ફોટા કે વિડીયો વધારે આવ્યા?" તે ચર્ચાનો વિષય બને ત્યારે લગ્નનું આલ્બમ કે વિડિયો હોંશે હોંશે દેખાડવા દોડતા પતિ-પત્ની તેને સંતાડવા માટે તમામ પ્રયત્નો કરે છે.

મિલન ત્રીવેદી

મિલન 'મસ્ત'ની મસ્તી